બનાસકાંઠાના જલોત્રામાં અચાનક દીપડાએ હુમલો કરતા બે ગંભીર

પાલનપુર,તા.૧

બનાસકાઠામાં આજે વધુ એક વાર દીપડા એ વડગામના જલોત્રામાં અચાનક હુમલો કરતા ૨

લોકો ગંભીર થયા છે તેમજ અન્ય બે લોકો ઈજાગ્રસ્ત બન્યા છે.

વડગામના જલોત્રા ગામે દિવેલાના ખેતરમાં કામ કરતા ભુરાજી રબારી પર અચાનક દીપડાએ હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો ત્યારે બાજુ ના ખેતર માં રહેતા કાકા ભત્રીજા ઈજાગ્રસ્તના સમાચાર લેવા જતા રસ્તામાં જ છુપાઈ રહેલા દીપડાએ ફળી એકવાર હુમલો કરતા બંને કાકા ભત્રીજાને ગંભીર ઈજા ઓ થઈ હતી જેના પગલે ૩ યુવકોને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

હાલમાં પાલનપુર સિવિલમાં ઘેમરાજી ઠાકોર સહીત વાઘજી ઠાકોર અને ભુરાજી રબારી સારવાર લઈ રહયા છે તેમજ દીપડો આવ્યા ની જાણ થતા ફોરેસ્ટ ટીમ ઘટના સ્થળે પહોંચી છે તેમજ દિપડાને પકડવા પાંજરૂ મૂકાયુ છે જો કે હજુ દિવેલાના ખેતર માં દીપડો છુપાયો હોવાની સંભાવના હોવાના પગલે પોલીસ દ્વારા પણ સ્થાનિકોને ખેતર થી દૂર રખાઈ રહ્યા છે જો કે ગામ નજીક ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટયા છે તેમજ વડગામ પોલીસ સહીત ફોરેસ્ટ દ્વારા દીપડા ને કબ્જે કરવા તજવીજ હાથ ધરી છે

ઊંઝાના ભામાશા મગનલાલની પ્રતિમાનું અનાવરણ

ઊંઝા, તા.૧

ઊંઝા શહેરના નગરશેટ અને ભામાશા મગનલાલ રવિકરણદાસની પંચધાતુની પ્રતિમાનો અનાવરણ કાર્યક્રમ કોટકુવા લાઈબ્રેરી ખાતે યોજાયો હતો.

જેમાં ઊંઝાના ધારાસભ્ય નારાયણભાઈ પટેલ, ઉદ્‌ઘાટક વસંતભાઈ પટેલ, પ્રતિમા અનાવરણ કર્તા, ડૉ. મિહીર જોશી, કે.આઈ. પટેલ, ડૉ. અનિલ રાવલ, રમેશભાઈ પટેલ, આશીર્વચન મહામંડલેશ્વરના રાઘવ શરણજી મહારાજ (રાજસ્થાન) ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મગનલાલ રવિકરણદાસ સાર્વજનિક પુસ્તકાલય ઊંઝાના પ્રમુખ તેજપાલભાઈ પટવા, મંત્રી તુષારભાઈ બી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ડુઘરવાડા ગામને સૌપ્રથમ શૌચમુક્ત જાહેર કરવામાં ગેરરીતિ જણાતાં ગામના ૧૦૭ શૌચાલયનું ખાતમુર્હૂત

મોડાસા, તા.૧

કેન્દ્ર સરકાર અને ગુજરાત રાજય સરકાર 'સ્વચ્છ ભારત નિર્મળ ભારત' બનાવવા અથાગ પ્રયત્નો કરી રહી છે. સમગ્ર રાજય, શહેરો સહિત નાના-મોટા ગામડાઓથી મોટા શહેરોને સ્વચ્છ બનાવવા વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકાર, નગરપાલિકા અને ગ્રામ પંચાયતોમાં સ્વચ્છતાના નામે દરેક જગ્યાએથી ટેક્સ ઉઘરાવવા અને મોટા પાયે જાહેરાતો કરાયા છતાં સ્વચ્છતા અભિયાન પા..પા.. પગલી માંડી રહ્યું હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ડુઘરવાડા ગામને જિલ્લાનું સૌપ્રથમ શૌચમુક્ત (જાહેર) ગામ જાહેર કરી દેવામાં આવ્યું પરંતુ તંત્ર દ્વારા રિસર્વે કરવામાં આવતા ૧૦૭થી વધુ શૌચાલયો વિહિન ઘર મળી આવતા ગ્રામ પંચાયત અને વહીવટીતંત્ર દ્વારા ૧૦૭ શૌચાલયો બનાવવા સઘન કામગીરી હાથ ધરી જિલ્લા વિકાસ અધિકારીએ રવિવારે ૧૦૭ શૌચાલયોનું ખાતમુર્હૂત કરી ગામને જિલ્લામાં સૌપ્રથમ જાહેર શૌચમુક્ત કરી દઈ કાચુ કપાયું હતું. ડુઘરવાડા ગામમાં રિસર્વે હાથ ધરાવતા ૧૦૭ ઘરો શૌચાલય વિહીન હોવાના અને ૧૦૭ પરિવારો બહાર શૌચક્રિયા કરતા હોવાનું ધ્યાને આવ્યું હતું. ડુઘરવાડાને જિલ્લાનું સૌપ્રતમ ઓએફડી સ્ટેટસ મેળવવા જીલ્લા વિદ્યાર્થીઓ અને એનજીઓ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે કેમ્પ યોજી લોકજાગૃતિ ફેલાવી રહ્યા છે. નરેગા યોજનામાં ૧૦૭થી વધુ શૌચાલયો

તાબતતોડ જાહેર શૌચમુક્ત ગામ બનાવવાનો નિર્ધારત વ્યક્ત કર્યો હતો.

મોડાસા તાલુકાના ડુઘરવાડા ગામને જિલ્લામાં સૌપ્રથમ જાહેર વહીવટી તંત્ર, એન, એન.એસ.ના બનાવવા ખાતમુર્હૂત હાથ ધરી ઝડપથી તમામ ૧૦૭ શૌચાલયો તાબડતોબ બનાવવા નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

પ્રાંતિયાની સ્મૃતિ વિકાસ શાળામાં વાર્ષિકોત્સવની શાનદાર ઉજવણી કરાઈ

પ્રાંતિયા, તા.૧

શ્રી શારદા ટ્રસ્ટ સંચાલિત, સ્મૃતિ વિકાસ શાળા (માનસિક

ક્ષતિવાળા બાળકોની નિવાસી શાળા) પ્રાંતિયા જી. ગાંધીનગર ખાતે સંસ્થાના ૩૮માં વાર્ષિકોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

સવારનાં ૧૧.૩૦ કલાકે પ્રાર્થના, ભજન, ધૂનથી કાર્યક્રમની શરુઆત કરવામાં આવી. પ.પૂ. શાસ્ત્રીજી રાકેશપ્રસાદ, (શિવશક્તિ આશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળા અને ગૌ. શાળા પ્રમુપાશ વલાદ) ના કરકમળ વડે મંગલદીપ પ્રગટાવી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવેલ. શાળાનાં માનસિક ક્ષતિવાળા બાળકોને સ્વાગત ગીત, અભિનય ગીત, ગરબા, ડાન્સ વિગેરે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ઉપસ્થિત સર્વેને મંત્રમુગ્ધ કરેલ. મહેમાનોએ તાળીઓનાં ગડગડાટથી બાળકોને વધાવી પ્રોત્સાહિત કર્યા હતા.

અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેલ પ.પૂ. રાકેશ પ્રસાદજી શાસ્ત્રીએ માનસિક ક્ષતિ બાબતે મનનીય શાસ્ત્રીય, ધાર્મિક પ્રવચન આપી વિસ્તૃત દૃષ્ટાંતો સાથે સમજણ આપેલ. શાળાનાં બાળકોની પ્રવૃત્તિઓ તેમજ કર્મચારીઓની સેવાને બિરદાવી આશીર્વચન પાઠવેલ. સંસ્થાના સ્થાપક તથા ટ્રસ્ટી મંડળને આવી માનવીય સેવા કરવા બદલ મનોમન આભારની લાગણી વ્યક્ત કરતી હતી. સંસ્થાનાં સેવાકાર્યમાં જયારે પણ જરૂર પડે ત્યારે સહાયભૂત થવા ખાત્રી આપી હતી.

ચાઈલ્ડ લાઈન ગાંધીનગરનાં રીટાબહેન વાળંદ અને ઉર્વશીબેન જાદવે સંસ્થાની કામગીરીને બિરદાવી, શુભેચ્છા પાઠવી આભાર વ્યક્ત કરી હતી.

ડીસામાં ૧૫૮૫ બાળકો ૨૦૨૦ની ઓલમ્પિક માટે દોડ્યા

ડીસા, તા.૧

હવે ઉત્તર ગુજરાતના બાળકો ઓલમ્પિક માં જઈ શકે તેનો માર્ગ મોકળો થયો છે આમતો દરેક સ્પોર્ટ્સમેન યુવાનનું સપનું ઓલમ્પિકમાં જવાનું હોય છે પરંતુ યોગ્ય જાણકારી અને માર્ગદર્શન ના અભાવે ટેલેન્ટેડ યુવાનોનું હુન્નર ક્યાંક ખોવાઈ જતું હોય છે તેવામાં ભારત દેશની પ્રતિષ્ઠિત નેશનલ યુવા કોઓપરેટીવ સોસાયટી અને ગેલ દ્વારા ઈન્ડિયન સ્પીડ સ્ટાર પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું ૩૦ ડિસેમ્બરે પ્રથમ ટ્રાયલ ડીસા ખાતે યોજાઈ હતી આ ઈવેન્ટમાં બનાસકાંઠા જીલ્લા ઉપરાંત પાટણ મહેસાણા અને પૂર્વ કચ્છ જીલ્લાના અંદાજીત ૧૫૮૫ સ્પર્ધકો ભાગ લીધો હટો જે પૈકી ૫૫ સ્પર્ધકો સિલેક્ટ તઃયા હતા મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ બાળકોને આશીર્વચન પાઠવી આ ઈવેન્ટની શુભકામનાઓ પાઠવી ગેલ ઈન્ડિયા અને એન વાય સી એસ ની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

બનાસકાંઠા જીલ્લાનું વેપારી મથક ડીસા ૩૦ ડિસેમ્બરે એક એતિહાસિક ઘટનાનું સાક્ષી બન્યું હતું સમગ્ર દુનિયાની જેની પર નજર હોય છે તે ઓલમ્પિક ની

રમતમાં ગુજરાતના બાળકો જઈ શકે તે માટે ગેલ ઈન્ડિયા અને નેશનલ યુવા કોઓપરેટીવ સોસાયટી ગ્રાસરૂટ લેવલે હુન્નરમંદ બાળકોને શોધવા કામે લાગી હતી.. ઝોનલ હેડ હિરેન શાહ ના માર્ગદર્શન અને સ્ટેટ હેડ ભિમજી અણઘણ ના સહકારથી ઉત્તર ગુજરાતના પ્રોજેક્ટ કન્વીનર નરેશ ચૌહાણે દરેક જગ્યાએ બાળકો શોધવાનું કાર્ય કર્યું હતું. ૧૦૦ મીટર, ૨૦૦ મીટર અને ૪૦૦ મીટર દોડમાં મહત્વની બાબત એ રહી હતી કે આ દોડમાં પ્રથમ દ્વિતીય કે તૃતીય ક્રમાંક નહિ પરંતુ નિર્ધારિત સમયમાં દોડ પૂરી કરનાર તમામ દોડવીરને સિલેક્ટ કરવામાં આવ્યા હતા હવે આ સિલેક્ટ દોડવીરો ને સ્ટેટ લેવલે ગાંધીનગર ખાતે મોકલવામાં આવશે.. ત્યાંથી ઝોનલ કક્ષાએ અને ત્યાર બાદ નેશનલ ઈવેન્ટમાં ભાગ લેવા મોકલવામાં આવશે. આમ નેશનલમા સિલેક્ટ થનાર દોડવીરને આગામી ઓલમ્પિક માટે ચાર વરસ સુધી તાલીમ આપી સજ્જ કરવામાં આવશે.. જેનો તમામ ખર્ચ ગેલ ઈન્ડિયા દ્વારા ઉઠાવવામાં આવશે.

ડીસા ખાતે આયોજિત ઈવેન્ટમાં આવેલા રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બાળકોનું ટેલેન્ટ બહાર લાવવા માટે જે પ્રયાસ કરાયો છે તે સરાહનીય છે બાળકો માં ટેલેન્ટ ભરપૂર હોય છે જેને શોધવાની જરૂર હોય છે જે કાર્ય ગેલ ઈન્ડિયા અને એન વાય સીએસ સંસ્થાએ સુપેરે પાર પાડ્યું છે રાજ્ય સરકાર પણ બાળકો માટે વિશેસ ધ્યાન આપી રહી છે આ પ્રસંગે જિલ્લા કલેક્ટર જેનું દેવન , માર્કેટ યાર્ડ ચેરમેન માવજી ભાઈ દેસાઈ, જિલ્લા શિક્ષણ અધિકારી એચ એલ રાવલ, નાયબ કલેક્ટર ડીસા, પાલિકા પ્રમુખ પ્રવીણ ભાઈ માળી, લો કોલેજ પ્રિન્સિપાલ ડો. રાજુલબેન દેસાઈ, ઝોનલ હેડ હિરેન શાહ સ્ટેટ હેડ ભિમજીભાઈ, વિપુલ આલ, પ્રવીણભાઈ સાધુ, કલ્પેશ પ્રજાપતિ સહિત વ્યાયામ શિક્ષકો અને મેડલ હન્ટ ટીમની ટેક્નિકલ ટિમ વિશેસ હાજર રહી હતી.. સિલેક્ટ થયેલા ૫૫ છાત્રોને સર્ટિફિકેટ આપી તેમને સન્માનિત કરાયા હતા.. સમગ્ર કાર્યક્રમને પાર પાડવા પ્રોજેક્ટ કન્વીનર નરેશ ચૌહાણે ભારે જહેમત ઉઠાવી હતી.

લૉ કૉલેજ પાલનપુરમાં સ્પોર્ટસ ડે ની ઉજવણી કરાઈ

પાલનપુર, તા.૧

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ખાતે સ્પોર્ટસ ડે ના અનુસંધાને બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ કેળવણી મંડળ સંચાલિક બી.કે. મર્કેન્ટાઈલ બેંક લો કોલેજમાં તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૧૬નાં રોજ સ્પોર્ટસ ડેની ઉજવણી કરાઈ હતી. જેમાં પ્રથમ, દ્વિતીય, અને તૃતીય વર્ષના વિદ્યાર્થીનીઓ સાંખળા કવિતા, ચૌહાણ, નેતા, નીતા પટેલ, જોશી રાજ, હાર્દિક પ્રજાપતિના નંબર આવ્યો હતો. રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. ગાર્ગી વૈદ્ય એલ.એલ.બી., સેમ-૨ અને તૃતીય ક્રમે કુ. નીતા પટેલ એલ.એલ.બી., સેમ-૬ આવ્યા હતા.

સંગીત ખુરશીની સ્પર્ધામાં કુ. ભારતી ચૌધરી એલ.એલ.બી., સેમ-૨ કોથળા દોડ સ્પર્ધામાં ભાઈઓમાં હિતેષ ચૌધરી, એલ.એલ.બી., સેમ-૨ પ્રથમ મહેલુ વાઘેલા, એલ.એલ.બી., સેમ-૬ દ્વિતીય અને મનોજ મકવાણા, એલ.એલ.બી., સેમ-૨ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જયારે વિદ્યાર્થીઓમાં કુ. નીતા પટેલ (પ્રથમ) કુ. દિવ્યા શર્મા (દ્વિતીય) અને કુ. મમતા પટેલનો તૃતિય ક્રમાંક આપેલ હતો. આ તમામ પ્રવૃત્તિઓમાં અને રમતોમાં વિવિધ નંબર પ્રાપ્ત કરનાર તથા તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને કોલેજમાં કાર્યકારી આચાર્ય રવિદાન આર. કરનાની અને તમામ અધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતા.

લૉ કૉલેજ પાલનપુરનું ગૌરવ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ખાતે યોજાયેલ '૨૮માં યુવક મહોત્સવમાં' બી.કે. મર્કેન્ટાઈલ બેંક લૉ કૉલેજ પાલનપુરના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હતો. જેમાં એલ.એલ.બી. સેમ-૪ની વિદ્યાર્થીની હતી. જી. ઠક્કરે કલાસિકલ ડાન્સ (કથક)માં યુનિવર્સિટી કક્ષાએ તૃતિય સ્થાન મેળવ્યું હતું. સાંસ્કૃતિક કમિટી, કૉ. ઓર્ડીનેટર પ્રા. ચંદ્રેશકુમાર ડી. ભાંભી, કા. આચાર્ય રવિદાન આર. કરનાની તથા સંચાલક મંડળે અભિનંદન પાઠવ્યા હતા.

શામળાજી પાસે ૧૪ જેટલા શખ્સો પીધેલી હાલતમાં ઝડપાયા

મોડાસા,તા.૧

શામળાજી નજીક રતનપુર બોર્ડર પાસેથી પોલીસે ગઈકાલે ૩૧મીના રોજ રાત્રિના સમયે દારૂ પીધેલી હાલતમાં ૧૪ જેટલા શખ્સોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લામાં શામળાજી પાસેના રતનપુર બોર્ડર પર ગઈકાલે ૩૧મી ડિસેમ્બરના રોજ શામળાજી પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જેમાં પાડોશી રાજય રાજસ્થાનમાં આવનાર અને ગુજરાતમાંથી રાજસ્થાન દારૂ પીવા જતા અથવા વિદેશી દારૂની હેરાફેરીના કેસોમાં ઘટાડો કરવા પોલીસ ખડેપગે રહી હતી.

૩૧ ડિસેમ્બરની પાર્ટી મનાવવા માટે વિદેશી દારૂની રેલમછેલ કરવા પાડોશી રાજય રાજસ્થાનમાં જતા અને રાજસ્થાનથી વિદેશી દારૂ લઈ ગુજરાતમાં પ્રવેશતા તમામ વાહનો ઉપર પોલીસે બાજ નજર રાખી હતી. દરમિયાન ૩૧મીની મોડી રાત્રે રતનપુર બોર્ડર ઉપર ૧૪ જેટલા શખ્સો દારૂ પીધેલી હાલતમાં ઝડપાઈ આવ્યા હતા.

ઝડપાયેલા આ તમામ શખ્સો રાજસ્થાન, અમદાવાદ અને હિંમતનગરના રહીશો હતા તેવું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

અરવલ્લી જિલ્લામાં યોજાયેલી ૧૯૮ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૧૯૮ સરપંચોમાંથી ૯ પંચાયતો ભાજપની સમરસ થયા પછીની બાકીની પંચાયતોમાં પણ ભારતીય જનતા પાર્ટીના ૧૧૬ મળી ૧૨૫ અને અન્ય ભાજપની વિચારધારા ધરાવતા ૦૭ મળી કુલ ૧૩૨ સરપંચોનું આજે ગાંધીનગર ખાતે યોજાયેલ વિજયના વધામણાં કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષ વગેરેએ ભવ્ય સન્માન કર્યું હતું.

પ્રાંતિજ સ્વામીનારાયણમાં શાકોત્સવની ભવ્ય ઉજવણી

પ્રાંતિજ તા.૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સ્વામિનારાયણમંદિર ખાતે ૩૦૧ વર્ષથી ચાલી આવતી શાકોત્સવની પરમપરા આજે પણ યથાવત છે અને દરવર્ષની જેમ આવર્ષે પણ શાકોત્સવ ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવીહતી. પ્રાંતિજ મેન બજારમાં આવેલ શ્રી સ્વામી નારાયણ મંદિર ખાતે તા.૧/૧/૨૦૧૭ રવિવાર ના રોજ શાકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જયારે મંદિરના મહંત સ્વામી ગોપાલજીવનદાસજી દ્વારા મંદિરના સભાખંડમાં સંતોના આશીર્વાદ કાર્યક્રમ યોજાયોહતો જેમાં ગુરૂ. શા. સ્વામી પ્રાણ જીવનદાસજી, જ્ઞાન વલ્લભ સ્વામી દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતાં. જયારે આજથી ૩૦૧ વર્ષ પહેલાં લોયા ગામમાં ભગવાન સ્વામીનારાયણ દ્વારા ૬૦ મણ રીંગણા અને ૧૨ મણ ઘી થી શરૂઆત કરવામાં આવેલ પ્રથા આજેપણ યથાવત છે. જયારે પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિર સંકુલ માં ધર્મપ્રેમી મહિલા ઓ દ્વારા ઘંટોના ચુલા બનાવી બાજરીના રોટલા બનાવેછે અને શાક ખીચડી અને છાશનો ભોજન સ્વરૂપે પ્રસાદ લઇ હજારો હરિ ભક્તોએ ધન્યતા અનુભવી હતી. જયારે કનુભાઇ, હરિભાઇ, ઘનશ્યામ ભાઇ, દિપકભાઇ, નૈલેષભાઇ વગેરે હરિ ફક્તો દ્વારા સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

નડાબેટ બોર્ડર પર મોબાઈલ નેટવર્ક સુવિધા માટે ટાવર ઉભા કરાશે

બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલી ભારત પાકીસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદ પર આજથી સીમા દર્શન કાર્યક્રમની ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ ઉદ્‌ઘાટન કર્યું હતું.. ભારતનો દરેક નાગરિક આસાનીથી આંતરરાષ્ટ્રીય સરહદ મુલાકાત લઈ શકે તે માટે હવેથી દર શનિવાર અને રવિવારના સીમા દર્શનનો કાર્યક્રમ યોજવામાં આવશે

સૂઈગામ તાલુકાના નડાબેટ ખાતે ઝીરો પોઈન્ટ ઉપર શનિવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સીમાદર્શન કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ૧૫ જેટલી લકઝરી બસોમાં આમંત્રિત વ્યકિતઓને લઈ જવાયા હતા. જેઓ ભારત-પાકિસ્તાન સરહદે તારની વાડ નિહાળી રાંમાચિત બન્યા હતા આ કાર્યક્રમ અંતર્ગત હવેથી દરેક નાગરિક ઈન્ડો-પાક બોર્ડર પર પહોંચી સેનાના જવાનોની કામગીરી જોઈ શકશે અને પડોસી દેશ પાકિસ્તાનને પણ નજરે નિહાળી શકશે. હેતુ લોકોમાં દેશ દાઝ જગાવવાનો છે અને આ ઉપરાંત બનાસકાંઠા જેવા પછાત જિલ્લાને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાનો છે.. શરુ થયેલા સીમા દર્શન કાર્યક્રમ દરમ્યાન મોટી સંખ્યામાં લોકો ભારત પાકિસ્તાન સરહદ પર સીમા દર્શન કરવા પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા.

મુખ્ય પ્રધાન વિજય રૂપાણી એ જણાવ્યું હતું કે, જવાનોની કામગીરીને લોકો નજીકથી નિહાળે અને બિરદાવે તે માટે સીમાદર્શન માટેની વ્યવસ્થા કરવી અને બે માસમાં જ તેનો અમલ કરાયો છે. હવે સૂઈગામનું નડાબેટ દેશનું બીજુ સ્થળ બન્યુ છે. જ્યાં વાઘા સરહદ બાદ હવે રિ-ટ્રીટ યોજાઈ રહી છે. આ વિસ્તાર પ્રવાસન તરીકે પણ વિકાસ પામશે. જેથી લોકોને રોજગારી પણ પ્રાપ્ત થશે. સતત દેશ ની સુરક્ષા કાજે દેશ ની સીમા નું રક્ષણ કરતા જવાનો તેમના પરિવાર સાથે વાતચીત કરી શકે તે માટે ટૂંક સમય માં નડાબેટ ખાતે મોબાઈલ ટાવર પણ ઉભા કરવાની જાહેરાત ની સાથે સાથે રાજ્યની યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત એસઆરપી, બીએસએફ, લશ્કર, પોલીસ તેમજ અર્ધ લશ્કરી દળોમાં ફરજ બજાવતાં વિકલાંગ બને તેમજ દેશ કાજે પ્રાણ ન્યોછાવર કરી શહિદ થાય તેમના બાળકોને ૫૦ ટકા પર્સન્ટાઈમાંથી મુક્તિ આપી હતી.